**ભારે વરસાદ અને અતિવૃષ્ટિને કારણે મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં થયેલ નુકશાન તેમજ વ્યવસ્થા માટે રૂ.100 કરોડની મંજૂરી**

- સપ્ટેમ્બર માસમાં સમગ્ર રાજ્યમાં થયેલ ભારે વરસાદ અને અતિવૃષ્ટિને કારણે રાજ્યની નગરપાલિકાઓ તેમજ મહાનગરપાલિકાઓમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા, પીવાના શુધ્ધ પાણીની વ્યવસ્થા અને બીજી મિલકતોના થયેલ નુકશાન, કચરાનો ભરાવો અને ગંદકીના નિવારણ માટે આરોગ્યલક્ષી કામગીરી, દવા છંટકાવ વગેરે પ્રજાલક્ષી કામો માટે મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને રૂ.100 કરોડની રકમ મંજૂર કરવામાં આવેલી છે.
- જેમાં, અમદાવાદ મહાનગરપાલિકા ને રૂ.25 કરોડ, સુરત મહાનગરપાલિકા ને રૂ.18 કરોડ, વડોદરા મહાનગરપાલિકા ને રૂ.12 કરોડ, રાજકોટ મહાનગરપાલિકા ને રૂ.8 કરોડ, જામનગર મહાનગરપાલિકા ને રૂ.3 કરોડ, ભાવનગર મહાનગરપાલિકા ને રૂ.3 કરોડ અને જુનાગઢ મહાનગરપાલિકા ને રૂ.3 કરોડ એમ કુલ 72 કરોડ મહાનગરપાલિકાઓને ફાળવવામાં આવ્યા છે. જ્યારે,
- અ-વર્ગની 18 નગરપાલિકાઓને 29 લાખ લેખે કુલ 5.22 કરોડ, બ-વર્ગની 33 નગરપાલિકાઓને 23 લાખ લેખે 7.59 કરોડ, ક-વર્ગની 45 નગરપાલિકાઓમાં 14 લાખ લેખે 6.30 કરોડ અને ડ-વર્ગની 63 નગરપાલિકાઓને 14 લાખ લેખે 8.82 કરોડ મળી કુલ 27.93 કરોડ ફાળવવામાં આવ્યા છે.

સૌનો સાથ.. સૌનો વિકાસ... જય જય ગરવી ગુજરાત..